# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-03-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## GSSSB

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવનારી વર્ગ – 3 ની ગ્રુપ એ અને ગ્રુપ બીની પરીક્ષાના પ્રવેશપત્ર  ડાઉનલોડ કરવા માટેની મુદ્દતમાં વધારો કરાયો છે.

ઉલ્લેખનીય છે કે  આ પ્રવેશપત્રો ડાઉનલોડ કરવાનો આજે છેલ્લો દિવસ હતો. પરંતુ ઘણા ઉમેદવારોએ પ્રવેશપત્રો ડાઉનલોડ ન કર્યાનું ધ્યાને આવતા આ મુદત આગામી 6 એપ્રિલ સુધી વધારવામાં આવી છે.

--------------------

## LIC OPEN TODAY

જાહેર ક્ષેત્રની વીમા કંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી)ની ઓફિસો આજે  પણ  ખુલ્લી રહેશે.

નોંધનીય છે કે એલઆઈસી એ ગયા શુક્રવારે બહાર પાડેલા એક અહેવાલમાં જણાવ્યું હતું કે, તે કરદાતાઓને ચાલુ નાણાકીય વર્ષ 2023-24ના અંત પહેલા કર બચત પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સુવિધા આપવા માટે શનિવારે  અને રવિવારે  તેની ઓફિસો ખુલ્લી રાખશે. ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) એ બેંકોને તેમની નિયુક્ત શાખાઓ 30 માર્ચ અને 31 માર્ચ, 2024 ના રોજ સામાન્ય કામકાજના કલાકો સુધી સરકારી વ્યવહારો માટે ખુલ્લી રાખવાનો નિર્દેશ આપ્યા બાદ વીમા કંપની એલઆઈસીએ  પણ આ નિર્ણય લીધો હતો.

જાહેર ક્ષેત્રની વીમા કંપનીએ કહ્યું કે, વીમા નિયમનકાર આઈઆરડીએઆઈ ની સલાહ મુજબ, એલઆઈસી એ આ વિશેષ પગલાને પોલિસી ધારકો સુધી વિસ્તાર કરવાનો નિર્ણય કર્યો છે. એલઆઈસી અનુસાર, પોલિસી ધારકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે, 'ઝોન' અને ડિવિઝનના અધિકારક્ષેત્ર હેઠળની ઑફિસો ગઇકાલે અને આજે સત્તાવાર કામકાજના કલાકો સુધી સામાન્ય કામગીરી માટે ખોલાશે.

.................................

## ELECTION- VOTER AWARENESS

રાજ્યમાં ચૂંટણી અંતર્ગત મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

મહેસાણા જિલ્લામાં લોકશાહીના પર્વમાં 100 વર્ષ થી વધુ વય ધરાવતા 237 મતદારો નોંધાયા છે. જેઓ આ ચૂંટણી મહાપર્વમાં જોડાઈને લોકોને પ્રેરણા આપશે. ચૂંટણી પંચે 85 વર્ષથી વધુ ઉંમરના નાગરિકો માટે પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી મતદાનની વ્યવસ્થા ગોઠવી છે.

પોરબંદર જિલ્લામાં મતદાર જાગૃતિના કાર્યક્રમો અલગ અલગ સ્થળે યોજવામાં આવી રહ્યા છે, ત્યારે શ્રી કસ્તુરબા મહિલા મંડળ આયોજિત વાર્ષિક ઉત્સવ અંતર્ગત મતદાર જાગૃતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બહેનોએ અવશ્ય મતદાન કરીશું તેવા શપથ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત મતદાન કરવા અંગે સિગ્નેચર કેમ્પેઈનમાં પણ બહેનો ઉત્સાહભેર સહભાગી બન્યા હતા.

ડાંગ જિલ્લામાં ચૂંટણીલક્ષી કામગીરી માટે ફરજનિયુકત પોલીંગ અને પ્રિસાઈડીંગ ઓફિસરોને તાલીમ આપવામાં આવી. લોકસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે સુનિશ્ચિત કરાયેલી કામગીરીના ભાગરૂપે, ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર મહેશ પટેલ, તેમજ મદદનીશ ચૂંટણી અધિકારી અને ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારી, કર્મચારીઓને તબક્કાવાર જરૂરી તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

દરમિયાન ચૂંટણી પ્રક્રિયામાં જોડાયેલા તમામ અધિકારી, કર્મચારીઓને પોસ્ટલ બેલેટથી મતદાન કરવા માટેના ફોર્મનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

.................

## BHUJ- VOTER AWARENESS

SVEEP અંતર્ગત કચ્છ જિલ્લાની શાળા તથા કોલેજોમાં ૫૦થી વધુ સ્થળોએ મતદાન જાગૃતિ રંગોળી સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

કચ્છના ભુજ, નખત્રાણા, મુંદ્રા, માંડવી સહિતના તમામ તાલુકા મથકો અને ગામડાઓની શાળાઓ અને કોલેજો દ્વારા ગામ કે શહેરની જાહેર જગ્યાઓ ઉપર મતદારોમાં મતદાન અંગે જાગૃતિ આવે તે માટે થીમ ઉપર આધારિત સુંદર રંગોળીઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરા તેમજ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઇ સહિતના માગદર્શનમાં આ SVEEP પ્રવૃત્તિનું આયોજન કરાયું હતું.

.................

## DAY IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે બે અલગ અલગ મેચમાં અમદાવાદ ખાતે ગુજરાત ટાઇટન્સ, સનરાઇઝર્સ હૈદરાબાદ સાથે ટકરાશે. જ્યારે વિશાખાપટનમમાં દિલ્હી કેપિટલ્સ, ચેન્નાઇ સુપર કિંગ્સ સામે ટકરાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનાર મેચ બપોરે 3.30 વાગ્યે શરૂ થશે, જ્યારે વિશાખાપટનમના વાય.એસ. રાજશેખર રેડ્ડી સ્ટેડિયમમાં રમાનાર મેચ સાંજે 7.30 વાગે શરૂ થશે.

.................

## DAY EASTER

સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તી ભાઈઓ-બહેનો દ્વારા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનર્જીવન પ્રસંગે આજે ઈસ્ટર પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. એવું માનવામાં આવે છે કે, પ્રભુ ઈસુને વધસ્તંભ પર જડ્યા બાદ આ દિવસે મુએલા માથી પુનરુત્થાન થયા હતા. ગઈકાલે રાત્રે દેશભરના વિવિધ ચર્ચોમાં મધ્ય-રાત્રિ ઈસ્ટરની પ્રાર્થનાઓ યોજાઈ હતી. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દેશવાસીઓને ઈસ્ટરની શુભકામના પાઠવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઇસ્ટરની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું છે કે, પ્રભુ ઇસુ ખ્રિસ્તના પુનજીર્વનની યાદમાં મનાવવામાં આવતું આ પર્વ પ્રેમ અને કરૂણાનું પ્રતીક છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ લોકોને ઇસ્ટરની શુભેચ્છા પાઠવતા કહ્યું કે ઈસ્ટર આપણને પ્રેમ, કરુણા અને ક્ષમાની યાદ અપાવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આજે ઈસ્ટર પર્વ પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે આ પર્વ નવીકરણ અને આશાવાદનો સંદેશ આપશે.

................................

## BHAVNAGAR-SHIKSHAN SHIBIR

રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે ભાવનગરની નંદકુંવરબા મહિલા કોલેજ-દેવરાજનગર દ્વારા થોરડી ગામે "ગ્રામ્ય વિસ્તાર પરિચય શિક્ષણ શિબિર યોજાશે. આ શિબિર આવતીકાલથી  7 દિવસ સુધી યોજાશે. આ 7 દિવસીય શિબિરમાં ગ્રામીણ સંસ્કૃતિ અને સમાજ-જીવન વિષે જાણકારી આપવામાં આવશે.

-------------------